# ભીખમાં નાણાં નહી આપવાના અભિયાનને પ્રચંડ સમર્થન

## ભીખારીને ભોજન, પાણી અને સગવડ આપો પરંતુ રોકડ આપવી નહીંનું અભિયાન સોશીયલ મીડીયામાં વેગવંતુ, બાળકોની સુરક્ષાનો મૂળભૂત હેતુ



ગાંધીનગર, તા. ૮

દેશભરમાં ભીખમાં નાણાં ન આપવાના અભિયાનને સોશીયલ મીડીયામાં સર્વત્ર સમર્થન પ્રાપ્ત થયું છે. જેના પરિણામ સ્વરૂપ લોકોમાં પણ ભીખારીને ભીખમાં નાણાં ન આપી તેની જીવન જરૂરિયાત પૂરી પાડવાનો વ્યુહ અપનાવાયો છે. ઘણા સમયથી ચાલતા આ અભિયાન પાછળ નાના બાળકોના ગુમ થવા અને અપહરણના વધેલા બનાવો અટકાવવાનો મૂળભૂત હેતુ રહેલો છે. દેશના અનેક રાજ્યોમાં ભીખારીને ભીખમાં નાણાં ન આપવાના સોશીયલ મીડીયામાં વાયરલ સંદેશાએ જાગૃતિ ફેલાવી છે. મુંબઈ, પૂના અને નાસિકથી શરૂ થયેલા આ અભિયાનનો સર્વત્રથી સમર્થન મળ્યુ છે અને હવે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાં પણ ભીખારીને ભીખમાં નાણાં ન આપી તેને ભોજન, પાણી અને અન્ય વ્યવસ્થા કરી આપવામાં આવે છે. જેમાં કેટલાક ચેરીટેબલ ટ્રસ્ટ અને સમાજસેવી સંગઠ્ઠનો પણ જોડાયા છે. સ્ત્રી, પુરૂષ, વૃધ્ધા વિકલાંગ કે બાળક માર્ગ ઉપર કે અન્ય સ્થળોએ ભીખ માંગતા જોવા મળી રહ્યા છે. આ તમામને હવે આ અભિયાન થકી ભોજન, પાણી, રહેવા તથા કપડાં વગેરેની સગવડો આપી તેમનું જીવનધોરણ સુધારવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે કારણે ભીખારીઓનો એક સમુહ હતો તે ધીમે ધીમે ઓછો થવા લાગ્યો છે. આ ભીખ માંગવાની પ્રવૃતિમાં અનેક રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને રાયકક્ષાએ અસામાજીક તત્વો સામેલ થઈ ગુનાહિત પ્રવૃતિઓ કરાવતાં હોવાનું ચોંકાવનારૂ પરિબળ બન્યા છે.

વધુમાં આવા અસામાજીક તત્વો ભીખ માંગવાની પ્રવૃતિમાં વધુ કમાઈ લેવાની લાલચે બાળકોના અપહરણ કરાવતા હોવાની શંકાઓ ગુમ બાળકોના પોલીસ દફતરે નોંધાયેલા આંકડાઓ ઉપરથી ઉભી થઈ છે અને તેથી જ રોકડ રકમ આ ભીખારીઓને ન આપી તેમની ઉપરના આકાઓની આર્થિક કમર તોડી નાખી અપહરણ જેવા કિસ્સાઓ ન બને તે મૂળભૂત હેતુ છે જેને સોશીયલ મીડીયા ઉપર પ્રચંડ સમર્થન મળ્યુ છે અને પરિણામ પણ માર્ગો ઉપર જોવા મળી રહ્યા છે.

# ગાંધીનગર આવતી બસોને વાયા હાઈવે કરી ગ્રામ્ય વિસ્તારને રઝળતો કર્યો



## મહેસાણાથી સંચાલિત થતી એસ.ટી. બસોને અપાતી ખાસ સગવડ, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ, નોકરીયાત અને યાત્રાળુઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૮

યાત્રાધામ બહુચરાજીથી ગાંધીનગર વાયા મહેસાણાની એસ.ટી. બસના છાશવારે રૂટ અને સમય બદલી નખાતાં મુસાફરો ભારે હાલાકી વેઠી રહ્યા છે. મહેસાણાથી સંચાલિત થતી વાયા ગાંધીનગરની મહદ્અંશે એસ.ટી. બસો કે જે ગ્રામ્ય વિસ્તારમાં થઈને પસાર થતી હતી તેને વાયા મહેસાણા હાઈવે ઉપરથી પસાર થવાની ખાસ સગવડ અપાતા ગ્રામ્ય વિસ્તાર મુસાફરીથી વંચિત બન્યો છે અને તંત્રના અણધડ વહીવટ પ્રત્યે ફીટકાર વરસાવી રહ્યો છે.મહેસાણા વિભાગીય એસ.ટી. દ્વારા બહુચરાજી ડેપોની કૃષ્ણનગરથી બહુચરાજી બસ વર્ષોથી વાયા ગાંધીનગર, ગોઝારીયા, ખેરવા, મહેસાણા થઈ બહુચરાજી ચાલુ હતી. આ બસ સવારે કૃષ્ણનગરથી ઉપડી ગાંધીનગર ૯.૧૫ વાગે આવતી હતી જેમાં કૃષ્ણનગર અને આજુબાજુથી ગાંધીનગરની સરકારી એન્જીનીયરીંગ કોલેજ અને બાપુ કોલેજના વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ અર્થે આવતા હતા. પરંતુ અચાનક જ આ બસનો રૂટ ટુંકાવી ગાંધીનગર સુધી કરી દેવામાં આવ્યો અને સમય પણ ટુંકાવીને સવારે ૮.૧૫ કરી દેવાયો જેથી આ બસના વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ મુસાફરીથી વંચિત બન્યા. વધુમાં ફરીથી બે દિવસ અગાઉ આ બસનો રૂટ કોઈપણ જાતની જાહેરાત વગર બદલી નાંખી ગાંધીનગરથી અડાલજ, નંદાસણ, મહેસાણા હાઈવે ઉપરથી કરી દેવામાં આવ્યો છે.

આ બસ વાયા ગોઝારીયા થઈ પસાર થતી હતી ત્યારે અનેક યાત્રાળુઓ બહુચરાજી જવા માટે ઉપયોગ કરતા હતા. હવે હાલ વાયા ગોઝારીયા દિવસની એક પણ બહુચરાજી જવા માટે ઉપલબ્ધ નથી. આ અંગે એસ.ટી. સલાહકાર કેયુરભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ અંગે મહેસાણાના વિભાગીય નિયામકને આ અંગે યોગ્ય કરવા કહ્યુ હતુ પરંતુ આવક ઓછી હોવાના કારણ દર્શાવી મુસાફરોને નિયમિત આવતી બસોની મુસાફરીથી વંચિત કરી દેવામાં આવે છે અને ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી અનેક બસોને મહેસાણા હાઈવેની સગવડો આપી ગાંધીનગર તથા આ પથંકને મુસાફરીથી અળગો રાખવાનો કારસો રચાયો હોવાની શંકાઓ ઉભી થઈ છે જેથી ઉચ્ચ કક્ષાઓથી આ અંગે યોગ્ય તપાસની માંગ ઉઠવા પામી છે.

# નિફ્ટ ગાંધીનગર ખાતે ૮.૫ લાખના પેકેજ સાથે પ્લેસમેન્ટ ડ્રાઈવ

## કુલ ૫૪ કંપનીઓએ ૨૨૫થી વધુ નોકરીઓ ઓફર કરી : સરેરાશ પેકેજ ૭.૧૧લાખનું ઓફર કરાયું

ગાંધીનગર, તા.૦૮

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (નિફ્ટ) દ્વારા કોવિડ-૧૯ મહામારીને કારણે કરાયેલા સળંગ ત્રણ વર્ષના ઓનલાઈન પ્લેસમેન્ટ પછી તાજેતરમાં તા.૬ઠ્ઠી મે શનિવારના રોજ "ઓફલાઈન પ્લેસમેન્ટ" ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિફ્ટ ગાંધીનગર કેમ્પસ ખાતે યોજાયો હતો, જ્યાં કુલ ૫૪ કંપનીઓએ ભાગ લીધો હતો, જેમાં ૨૨૫થી વધુ નોકરીઓ ઓફર કરવામાં આવી હતી. નિફ્ટ ગાંધીનગર ખાતેની પ્લેસમેન્ટ પ્રક્રિયામાં નોંધપાત્ર પ્રદર્શન જોવા મળ્યું હતું, જેમાં ૫૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ઓફર કરાયેલ સૌથી વધુ પેકેજ ૮.૫લાખ હતું, જ્યારે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને સરેરાશ ૭.૧૧લાખનું પેકેજ મળ્યું હતું. નિફ્ટનો પ્લેસમેન્ટ સમારંભ વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ પ્રસંગ છે, જે તેમની શૈક્ષણિક સફરની પરાકાષ્ઠા અને તેમની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત દર્શાવે છે.

કોરોના મહામારી દ્વારા ઊભા થયેલા પડકારો હોવા છતાં, નિફ્ટ દ્વારા પ્લેસમેન્ટ સમારોહનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે જે માત્ર તેના વિદ્યાર્થીઓની સિદ્ધિઓની જ ઉજવણી કરતું નથી પરંતુ ફેશન શિક્ષણમાં શ્રેષ્ઠતા માટે સંસ્થાની પ્રતિબદ્ધતાને પણ પ્રકાશિત કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાં ૧૮ કેમ્પસ સાથે નિફ્ટ ફેશન શિક્ષણ માટેની જાણીતી સંસ્થા છે. નિફ્ટની પ્લેસમેન્ટ પ્રક્રિયા એક કેન્દ્રીયકૃત પ્રવૃત્તિ છે જે બે અઠવાડિયા સુધી ચાલે છે, જે બેંગ્લોર, દિલ્હી અને મુંબઈ કેમ્પસથી શરૂ થાય છે, ત્યારબાદ ચેન્નાઈ, હૈદરાબાદ, ગાંધીનગર અને કોલકાતા આવે છે.

તમામ કેમ્પસમાં મળીને કુલ મળીને ૩૫૦થી વધુ કંપનીઓએ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો, જેમણે તમામ કેન્દ્રોમાં ૨,૬૫૦ ખાલી જગ્યાઓ ઓફર કરી છે. આ વર્ષે, વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવતા પેકેજમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે સરેરાશ પાંચ-છ લાખ રૂપિયા અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે સાત-આઠ લાખ રૂપિયા છે. છઠ્ઠી મે બપોર સુધીના ઉપલબ્ધ ડેટા મુજબ આ સરેરાશ આંકડા છે. ચોક્કસ આંકડા પ્લેસમેન્ટ પ્રક્રિયાના અંતે ઉપલબ્ધ થશે.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા વર્લ્ડ રેડક્રોસ અને વર્લ્ડ થેલેસેમીયા ડે ની ઉજવણી

ગાંધીનગર, તા. ૮

ઉપરોક્ત કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે શ્રીમતી રેમ્યા મોહન, આઈએએસ મીશન ડાયરેક્ટર, નેશનલ હેલ્થ મિશન બિરાજમાન થયા હતાં. અતિથી વિશેષ તરીકે ડૉ. રાજેશ ગોપાલ, નિયામક જીસીસીબીટી તેમજ અજયભાઈ પટેલ - ચેરમેન ગુજરાત રેડક્રોસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમાં થેલેસેમીક બાળકો તથા તેમના માતા-પિતાને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ અને થેલેસેમિયા સારવાર માટે અદ્યતન સારવાર પદ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. થેલેસેમિક બાળકોની સાર-સંભાળ માટે વિશેષ યોગદાન આપનારને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતાં.

થેલેસેમીયા મેજર બાળકોને તજજ્ઞ ડૉક્ટર્સ મારફતે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તૈયાર કરવામાં આવેલ 'થેલેસેમીયા સાથી' એપ્લીકેશનનું લૉન્ચીંગ કરવામાં આવ્યું હતુ. જેમાં ગુજરાતનાં ૪૦ જેટલા તજજ્ઞ હિમેટોલોજીસ્ટ, પીડીયાટ્રીશ્યન, ગાયનેકોલોજીસ્ટ, ફીઝીશ્યન, જીનેટીશ્યન તથા જીનેટીક કાઉન્સેલર પેશન્ટ્સને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે તથા એપ્લીકેશન મારફત પેશન્ટ્સ પોતાની હેલ્થ સંબંધી સારવાર માટે જરૂરી માર્ગદર્શન ઘેર બેઠા નિઃશુલ્ક મેળવી શકશે.

# લાયન્સ ક્લબ ફેમિના આયોજિત વિવિધ ચેકઅપ અને ફિઝિયોથેરાપી કેમ્પ



ગાંધીનગર, તા. ૦૮

આજના યુગમાં સ્વાસ્થ્ય એ ખૂબ મહત્વનો વિષય બનવા પામ્યો છે, હવે દરેક વ્યકિત પોતાની હેલ્થ અંગે વધુને વધુ સભાન બનતી જઈ રહી છે. જોકે આ સાથે મોંઘવારીના આ સમયમાં આરોગ્ય વિષયક સેવાઓ ખર્ચાળ બની રહી છે

ત્યારે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા 'ફેમિના ફિઝિયોથેરાપી સેન્ટર' ખાતે નિઃશુલ્ક ઓર્થોપેડિક, બીપી, ડાયાબિટીસ ચેકઅપ, કેલ્શિયમ ટેસ્ટ તથા ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે કેલ્શિયમ ટેસ્ટ વ્યક્તિઓ નિયમિત રીતે કરાવતાં હોતા નથી જ્યારે તેની ઉણપના લીધે ઘણાં દુઃખાવા થતા હોય છે. આ કેમ્પમાં તેનો ટેસ્ટ નિઃશુલ્ક રાખવામાં આવ્યો હતો જેનો જાહેર જનતા તથા સંસ્થાના સભ્યોએ લાભ લીધો હતો. આ સાથે કેમ્પમાં જલારામ હોસ્પિટલના ઓર્થોપેડિક તબીબ ડો.હાર્દિકભાઈ વાઘેલા તથા તેમની ટીમ ફિઝીયોથેરાપીસ્ટ ડો.હાર્દિકભાઈ તલાટી તથા ડો.નીલમબેન કટેરિયા એ સેવાઓ આપી હતી. લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના સંસ્થાના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તથા ફેમિના ક્લબના મેમ્બરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૩૧ બોર વેલનું લોકાર્પણ





ગાંધીનગર, તા. ૮

વૈશ્વિક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ઈન્ટરનેશનલના તત્વાવધાનમાં પ્રકૃતિના સંરક્ષણને સમર્પિત જળ સંરક્ષણ જાગૃતિ અભિયાન અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં ગુજરાતમાં ૭૫ ગામોમાં રિચાર્જ બોરવેલ સંસ્થાપના ભાગરૂપે ૩૧ રિચાર્જ બોરવેલના લોકાર્પણનો કાર્યક્રમ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ઓડિટોરિયમ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેનું લોકાર્પણ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના સાદરા, પીંપળજ, સરઢવ, રૂપાલ, રાંધેજા, ઉવારસદ, શોનીપુર, ગોરવંટા, મગોડી તેમજ ચિલોડા સામેલ છે. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી ભગીરથ કાર્ય બદલ સંસ્થાને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી. મેયરે જણાવ્યું હતું કે આ કાર્યથી વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ખેતરોમાં સિંચાઈની સુવિધા થશે જેનાથી ખેડૂતો સહિત દરેક લોકોને લાભ મળશે. આવો સૌ સાથે મળીને જળ અભિયાનને જન અભિયાન બનાવીએ. આ વેળાએ ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુકલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વ. યુ.ટી. મહેતાની પુણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૮

સચિવાલયના કર્મચારીઓ/અધિકારીઓના હિત કાજે સશક્ત સંગઠન થકી કર્મચારી કલ્યાણ અર્થે અવિસ્મરણીય સેવા આપનાર બાહોશ અને મજબૂત કર્મચારી નેતા અને કર્મયોગીઓના હૃદય સમ્રાટ તથા ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશનના પૂર્વ પ્રમુખ એવા સ્વ. યુ.ટી. મહેતાની પુણ્યતિથિ નિમિત્તે બપોરે ૧૨.૩૦ કલાકે ઓડિટોરીયમ, બ્લોક નં. ૧/૯, સચિવાલય, ગાંધીનગર ખાતે ધી ગુજરાત સચિવાલય ફેડરેશન, સચિવાલય, ગાંધીનગર દ્વારા 'સ્મરણાંજલિ' કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. મહેતાની જીવની વિશે ધી ગુજરાત સચિવાલય ફેડરેશનના મહામંત્રી મહેશસિંહ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચન કરતા એસોસિએશનના પૂર્વ પ્રમુખ તરીકે મહેતાએ કરેલી કામગીરી તથા કર્મચારી કલ્યાણ અર્થે હાથ ધરાયેલ કાર્યો વિશે સૌને વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં આમંત્રિત સચિવાલય એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ યોગેન સેવક, ભવાનસિંહ પરમાર, મનુભાઈ પટેલ, મનુભાઈ મહેતા સાથે અન્ય ભૂતપૂર્વ હોદ્દેદારોએ ઉપસ્થિત રહી સચિવાલયના કર્મચારીઓ/અધિકારીઓના હિત કાજે એસોસિએશનના પ્રમુખ તરીકેની સ્વ. યુ.ટી. મહેતાની અવિસ્મરણીય સેવા તથા તેમના પ્રદાન વિશે સંસ્મરણો વાગોળ્યા હતા. કાર્યક્રમને અંતે ધી ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશનના પ્રમુખ બિન્દેશવન એચ. ગોસાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ધી ગુજરાત સચિવાલય ફેડરેશન તથા તને સંલગ્ન એસોસિએશનના હોદ્દેદારો હર્ષદભાઈ વાઘેલા, ડૉ. ધર્મેશ નકુમ, પ્રતાપસિંહ ચૌહાણ, મૌલિક પટેલ, હિરેન રાઠોડ, રૂચિર અમીન, તરંગ અંધારીયા, ભાગ્યેશ પટેલ, ધ્રુવ પટેલ વિગેરે સહિત હોદ્દેદારો તથા બહોળી સંખ્યામાં સચિવાલય સંવર્ગના તમામ કર્મચારી/અધિકારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આઈપીએસ બનવા ભાગેલી યુવતી ગાંધીનગરથી મળી

અમદાવાદ, તા.૮

આઈપીએસ ઓફિસર બનવા માટે કોલેજથી બારોબાર ભાગી ગયેલી ૧૭ વર્ષીય છોકરી આખરે ગાંધીનગરની એક હોસ્ટેલમાંથી સહી સલામત મળી આવી છે. યુનિવર્સિટી પોલીસે છોકરીનું લોકેશન ટ્રેસ કરીને તેનો પતો લગાવ્યો હતો અને સગીરાનું તેના માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, સગીરા ભણવામાં ખૂબ જ હોશિયાર અને સ્માર્ટ છે. તેને ખૂબ ભણીને પોતાના પગ પર ઉભું થવું છે પણ તેના માતા-પિતા તેને લગ્ન માટે દબાણ કરતા હોવાથી તેના સપના પૂરા કરવા અને વધુ અભ્યાસ માટે કોઈને કહ્યા વિના જ નીકળી ગઈ હતી.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને ખોખરાની એક કોલેજમાં એફવાય બીબીએનો અભ્યાસ કરે છે. ૨ મેના રોજ સગીરા તેની માતા સાથે નવરંગપુરા સ્થિત એક કોલેજમાં પરીક્ષા આપવા અંદર ગઈ પરંતુ બહાર ન આવતા માતાએ શોધખોળ કરી હતી. આ દરમિયાન ઘરમાંથી સગીરાએ લખેલી એક ચિટ્ઠી મળી આવી હતી. જેમાં એવું લખાણ હતું કે, તે આઈપીએસબનવા માંગતી હોવાથી દિલ્હી જાય છે અને તેને કોઈ શોધતા નહીં. આથી ચિંતિત પરિવારે ગુજરાત યુનિવર્સિટી પોલીસમાં દીકરી ગુમ થઈ હોવા અંગે ફરિયાદ નોંધતા પોલીસ દ્વારા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે લોકેશનના આધારે સગીરાને ગાંધીનગરની એક હોસ્ટેલમાંથી શોધીને માતા-પિતાને સોંપી હતી.

૧૭ વર્ષીય સગીરા ગાંધીનગરથી મળી આવ્યા બાદ પોલીસ દ્વારા તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તેના ફોનમાંથી મળેલા ફોટો વિડીયો પણ પોલીસે જોયા હતા.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
- પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર
- ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ
- શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.